# મેઘરજના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં વર્ષોથી ૨ ૨ જગ્યાઓ ખાલી

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના મેઘરજ જેવા પછાત તાલુકા મથક મેઘરજ ખાતેના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં છેલ્લા કેટલાય વર્ષોથી ૨ ૨ જેટલી જુદી જુદી જગ્યાઓ ખાલી હોવાના કારણે તાલુકાના ગરીબ દર્દીઓ દવા કરાવવા માટે ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે.

આદિવાસી વિસ્તાર એવા મેઘરજ તાલુકાના લોકોને આરોગ્યની સુવિધા મળે તે હેતુથી રાજ્ય સરકારે મેઘરજ તાલુકા મથકે સામુહિક આરોગ્ય કેન્દ્રનો પ્રારંભ કરાયો હતો. જેમાં સુપ્રિટેન્ડન્ટ, મેડીકલ ઓફીસર, દાંતના સર્જન એક્ષરે ટેકનીશિયન, લેબ ટેકનીશિયન સહિત ૫૧ જેટલી જગ્યાઓ મંજુર કરી હતી પરંતુ છેલ્લા ૨૭ વર્ષથી મેઘરજ ખાતેના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ૨૨ જેટલી જગ્યાઓ ખાલી હોવાના કારણે તાલુકાના દર્દીઓ જુદા જુદા દર્દની સારવારથી




વંચિત રહી જાય છે અને ના છુટકે પ્રાઈવેટ દવાખાનામાં મોંઘીદાટ સેવાઓ લેવી પડે છે જેથી સરકાર દ્વારા આ મેઘરજના કેન્દ્રમાં તમામ પ્રકારના દર્દીના ઈલાજ થાય અને પુરતો સ્ટાફ ભરાય તેવી જનતાની માંગ છે જેથી આ આદિવાસી પ્રજા આરોગ્યલક્ષી સેવાનો લાભ મળી શકે.

મેઘરજની આ રેફરલ હોસ્પિટલમાં છેલ્લા ૧૨ વર્ષથી અધિક્ષકની જગ્યા ભરાઈ નથી. દાંતના ડૉક્ટર બે વર્ષથી નથી જ્યારે અડધો ડઝન ક્લાર્કની જગ્યા પણ ભરાઈ નથી. જેથી આ હોસ્પિટલનું સંચાલન બરાબર થઈ શકતુ નથી. અપુરતા સ્ટાફના કારણે જેટલો સ્ટાફ હાજર છે તેમના ઉપર કામકાજનું ભારણ પડે છે. આ મામલે હોસ્પિટલના જવાબદારો જણાવે છે કે સ્ટાફની ઘટ માટે સરકારમાં રજુઆત કરાઈ છે અને ટુંક સમયમાં પુરતો સરકાર ફાળવી દેશે. જેથી લોકોની મુશ્કેલીઓનો અંત આવશે.

મેઘરજ તાલુકાના સંખ્યાબંધ અકસ્માતો, ખૂન, આપઘાત તેમજ બીજા અન્ય બનાવો બનતા હોય આ બનાવો અંગે મેઘરજ પોલીસ સ્ટેશને ફરિયાદ પણ નોંધાવે છે અને પુરતો સ્ટાફ ન હોવાથી કેટલીક વાર અહીં પીએમ પણ ટાઈમસર થતા નથી આવી અનેક સમસ્યાનો સામનો કરવો પડે છે.



ઉત્તર ભારતમાં હિમ વર્ષા થવાના કારણે અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં અચાનક ઠંડીનું પ્રમાણ વધી જતાં મોડાસા શહેર ઠંડુગાર બની જતા મોડાસા શહેરના પ્રજાજનો સોસાયટીઓમાં ઠંડીથી રાહત મેળવવા આગની ભઠ્ઠીઓ સળગાવી રાહત મેળવતા જોવા મળે છે.

# ઊંઝાના લાંચિયા પોલીસ સામે એ.સી.બી. કોઈ કાર્યવાહી કરતી ન હોવાના આક્ષેપ

## પાસપોર્ટ વેરિફીકેનશમાં રૂપિયા ઉઘરાવાતા હોવાની ઓનલાઈન થયેલી ફરિયાદ બાદ પણ કોઈ ટ્રેપ ગોઠવાતી નથી

ઊંઝા, તા. ૧૫

ઉત્તર ગુજરાતના ઊંઝા પોલીસ મથકે પાસપોર્ટ અંગેની અરજીઓ વેરીફાઈડ કરનાર પોલીસ કર્મચારીએ ગત તા. ૧૯મી એપ્રિલ ૨૦૧૪ના રોજ એક નાગરિક પાસેથી પોતાની બહેનના પાસપોર્ટ વેરીફીકેશનના કામે બળજબરીપૂર્વક કથિત ૨૦૦ રૂપિયાની લાંચ લીધી હોવા બાબતે ઓન લાઈન ફરિયાદ કરી હોવા છતાં હજી સુધી આ ગંભીર પ્રકારની ફરિયાદ સંદર્ભે કોઈ તપાસ થઈ નથી.

જાણવા મળ્યા મુજબ ગત તા. ૧૯મી એપ્રિલ ૨૦૧૪ના રોજ કોઈ એક નાગરિક પોતાની બહેનના પાસપોર્ટ પોલીસ વેરીફિકેશન માટે મહેસાણા જિલ્લાના ઊંઝા પોલીસ સ્ટેશનમાં ગયા હતા. જ્યાં પાસપોર્ટ સંબંધી અરજીઓના પોલીસ વેરીફીકેશનનું કામકાજ સંભાળતા પોલીસ કર્મચારીએ બળજબરીપૂર્વક ૨૦૦ રૂપિયાની લાંચ લીધી હોવાના આક્ષેપસર ઓનલાઈન ફરિયાદ કરી છે. આ ગંભીર ફરિયાદ સામે આજે નવ માસ જેટલો સમય વીતી જવા છતાં હજુ સુધી આ પોલીસ કર્મચારી વિરૂદ્ધ ખાતાકીય કે લાંચ રૂશ્વત વિરોધી ખાતા મારફતે કોઈ તપાસ હાથ ધરવામાં આવી નથી. તેમજ તેમના વિરૂદ્ધ કાયદાકીય રાહે કોઈ પગલાં ભરાયા નથી.

ઉપરોક્ત ફરિયાદ ગુગલમાં અંગ્રેજીમાં ઊંઝા પોલીસસ્ટેશન સર્ચ કરવાથી અંદર પેઈડ એ બ્રાઈલ ફોર પોલીસ વેરીફીકેશન ઓફ પાસપોર્ટ ઊંઝા પોલીસ સ્ટેશનના શિર્ષક હેઠળ અંગ્રેજીના લખાણમાં જોવા મળી શકે છે. આ ફરિયાદ સંદર્ભે ખરેખર સત્ય શું છે ? તે અંગે રાજ્યના લાંચ રૂશ્વત વિરોધી ખાતાના ઉચ્ચ અધિકારીઓએ સત્વરે યોગ્ય તપાસ કરાવવી જરૂરી મનાય છે. ઊંઝા પોલીસ સ્ટેશનમાં પાસપોર્ટને લગતી અરજીઓ વેરીફાઈડ થયા બાદ જે તે અરજદારોને સ્થાનિક પોલીસ ઈન્સ્પેક્શન માટે ઓળખ માટે રજુ કરાતા હોય છે. ત્યારે પોલીસ ઈન્સ્પેક્ટર ઉપરોક્ત ફરિયાદથી અજાણ છે કે કેમ ? તેવો સવાલ લોકોમાં ઉઠ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, લગભગ છેલ્લા ચાર વર્ષથી ઊંઝા પો.સ્ટે.માં પાસપોર્ટની અરજીઓનું વેરીફીકેશન કરનાર પોલીસ કર્મચારીમાં પાસપોર્ટની અરજીઓનું વેરીફીકેશન કરનાર પોલીસ કર્મચારી અરજદારો પાસેથી યેનકેન પ્રકારે ગેરકાયદે નાણાં પડાવતા હોવાના આક્ષેપો પ્રજામાં થઈ રહ્યા છે.

# મેઢાસણ રેફરલ હોસ્પિટલમાં તબીબોના અભાવે દર્દીઓની હાલત કફોડી

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મેઢાસણ ગામમાં જનતાના આરોગ્યની તપાસ અને આરોગ્ય સારવાર મળી રહે તે હેતુથી વર્ષો પહેલા ૫૦ બેડની સરદાર પટેલ રેફરલ હોસ્પિટલ અને સારવાર કેન્દ્રનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ હોસ્પિટલ મોડાસા તાલુકામાં અને રાજસ્થાન રાજ્યના દરદીઓના ખુબ જ જાણીતી હોવાથી મોડાસા તાલુકાની જનતા અને છેક રાજસ્થાનની જનતા પણ આ હોસ્પિટલમાં આરોગ્યની સારવાર મેળવતી હતી પરંતુ છેલ્લા કેટલાય મહિનાથી તબીબોના અભાવે મેઢાસણ રેફરલ હોસ્પિટલમાં જાણે તાળાબંધી હોય તેવી હાલત જોવા મળી રહી છે.

મોડાસા તાલુકાના મેઢાસણ ગામમાં આવેલી ૫૦ બેડની સગવડ ધરાવતી હોસ્પિટલમાં અદ્યતન ઓપરેશન થીએટર અને યોગ્ય સવલતો હોવા છતાં તબીબોના અભાવે આ હોસ્પિટલમાં કોઈ જ ચહલપહલ જોવા મળતી નથી. આ હોસ્પિટલમાં ૫ ડૉક્ટરનો સ્ટાફની લાયકાત ધરાવતી હોવા છતાં ફક્ત એક જ તબીબ હોવાના કારણે મેઢાસણ ગામના પ્રજાજનો તથા આજુબાજુના ગામડાના લોકોને આરોગ્ય



સારવાર બાબતે ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. મેઢાસણ, સરડોઈ, ખંભીસરના ગામોની વસ્તી વધારે હોવાના કારણે અને આ બધા લોકોએ આરોગ્ય વિભાગમાં વારંવાર રજુઆત કરવા છતાં યોગ્ય પગલા ભરી તબીબોની નિમણૂંક ન થતાં ગરીબ વર્ગોના લોકોને તબીબી સારવાર લેવા માટે નજીકમાં આવેલા મોડાસા અને હિંમતનગર જેવા શહેરમાં મોંઘીદાટ સારવાર લેવી પડે છે. તેમજ રાત્રીના સમયે આ ગામડાની જનતાને ૫૦ બેડની હોસ્પિટલ હોવા છતાં હાલાકી ભોગવવી પડે છે. વર્ષો પહેલા મેઢાસણ રેફરલ હોસ્પિટલમાં દર્દીઓથી ઉભરાતી જોવા મળતી હતી. જ્યારે આજના સમયમાં મેઢાસણ હોસ્પિટલમાં તબીબોના અભાવે દર્દીઓ વારંવાર ધક્કા ખાઈ કંટાડી જઈ સીધા શહેરની હોસ્પિટલની વાટ પકડતા હોવાથી કાગડા ઉડતા હોય તેવો નજારો જોવા મળી રહ્યો છે.



ગાયત્રી શક્તિપીઠ બાયડ દ્વારા પુસ્તક મેળાનું આયોજન કરાયું હતું. જેમાં ૬ દિવસ સુધી ચાલનારા પુસ્તક મેળામાં અડધી કિંમતે પુસ્તકો વેચાણ કરવામાં આવશે. પુસ્તક મેળા પહેલા સમગ્ર બાયડ શહેરમાં કળશ યાત્રા યોજાઈ હતી.

# લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં જિલ્લાકક્ષાના તમામ અધિકારીઓને હાજર રહેવા કલેકટરનો આદેશ

પાલનપુર, તા. ૧૫

બનાસકાંઠા કલેકટરશ્રીની કચેરી ધ્વારા જણાવ્યા -માણે -જાની ફરિયાદો, રજુઆતોનું સમય-મર્યાદામાં નિરાકરણ થાય અને -જાને સ્થાનિક ֦ો અને ફરિયાદો લઈને જિલ્લા કચેરીએ તથા સચિવાલય સુધી ન આવવુ પડે તે હેતુથી જિલ્લાના દરેક તાલુકામાં લોક સંવાદ સેતુ (લોક દરબાર) દર મહિને વારાફરતી યોજવા નક્કી કરવામાં આવ્યુ છે અને આ માટે ֦ના સંકલન કર્તા તરીકે જે તે તાલુકાના મામલતદાર અને કાર્યક્રમના માર્ગદર્શક અન સુપરવાઈઝર તરીકે -ાન્ત અધિકારીશ્રીને નક્કી કરવામાં આવ્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં અત્યાર સુધીમાં ડીસા, કાંકરેજ, દિયોદર, દાંતીવાડા, સૂઈગામ, થરાદ, વડગામ, દાંતા, અમીરગઢ, ભાભર, લાખણી, પાલનપુર અને ધાનેરા ખાતે લોક સંવાદ સેતુ કાર્યક્રમ યોજાઈ ગયેલ છે. આગામી તા.૨૨/૧૨/૨૦૧૪ના રોજ વાવ મુકામે કુટિર ઉધોગ, મીઠા ઉધોગ અને ગૌસંવર્ધન વિભાગ તથા બનાસકાંઠા જિલ્લાના સહ-ભારી મંત્રી શ્રી તારાચંદ છેડાના અધ્યક્ષસ્થાને વાવ આઈ.ટી.આઈ. ખાતે લોક સંવાદ સેતુ કાર્યક્રમ યોજાવાનો છે. તે કાર્યક્રમમાં જિલ્લાકક્ષાના તમામ અધિકારીઓને હાજર રહેવા કલેકટરશ્રી બનાસકાંઠા ધ્વારા આદેશ કરવામાં આવ્યો છે.

# પાલનપુર મુકામે ૨૯ ડિસેમ્બરે ડાક અદાલત યોજાશે

બનાસકાંઠા પોસ્ટલ ડિવીઝનની ટપાલ સેવા, ટપાલ વિતરણ, કાઉન્ટર સેવા, બચતબેંકના ֦નો નિકાલ કરવા તા.૨૯-૧૨-૨૦૧૪ના રોજ ૧૧.૦૦ વાગે અધિક્ષક ડાકઘર, બનાસકાંઠા પાલનપુરની કચેરીમાં ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યુ છે. આ અંગે ફરિયાદ, આવેદનપત્ર ડેપ્યુટી મેનેજર ,કસ્ટમર કેર સેન્ટર, ધી સુન્ટિેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ બનાસકાંઠા ડિવીઝન પાલનપુરને તા.૧૯-૧૨-૨૦૧૪ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે.

# ડીસાના ભડથ ગામે પાણીની પાઈપલાઈન બાબતે તકરાર : મહિલા સહીત બે ઘાયલ



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૧૫

ડીસા તાલુકાના ભડથ ગામે આજે પાણીની પાઈપલાઈન ખેતરમાં નાખવા બાબતે થયેલ તકરાર ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા મારામારીથી હતી. જેમાં પતિ અને પત્નીને ગંભીર ઈજાથી હતી. જયારે હુમલાખોર ચાર શખ્સો પર ડીસા તાલુકા પોલીસે ફરિયાદ નોધી બેને જેલ હવાલે કરેલ છે.

ડીસા તાલુકાના ભડથ ગામે બે ખેડૂત પરિવાર એવા બેચરસીહ વાઘેલા અને જવાનસીહ વાઘેલા વચ્ચે ખેતરમાં પાઈપલાઈન નાખવા જેવી નજીવી બાબતે તકરાર થઈ હતી અને આ એકમાત્ર અદાવત રાખી શ્રવનસીહ સલુભા વાઘેલા, જવાનસીહ વેલસીહ વાઘેલા, દસરથ સિહ વેલસીહ વાઘેલા અને એક અન્ય ઈસમ સહીત ચાર હુમલાખોરો એ પીડિત એવા બેચરસીહ અને તેમની પત્ની ઉર્મિલાબેન જયારે ખેતર માં કામ કરી રહ્યા હતા ત્યારે તકરાર કરી હુમલો કર્યો હતો. હુમલાખોર ધરિયા અને પાઈપો લઈ તૂટી પડતા પીડિત પતિ પત્ની ગંભીર રીતે ઘવાયા હતા. જેમને તે બાદ ડીસા ની સરકારી હોસ્પિટલ માં સારવાર અર્થે ખસેડાયા હતા. આ મામલે હુમલાખોર માંથી પોલીસે બેની ધરપકડ કરી હતી અને ચાર ઈસમો વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ પી.એસ.આઈ. બી.એસ.તરાલ ચલાવી રહ્યા છે.

## વડાગામ બોગસ દસ્તાવેજ પ્રકરણની તપાસ મોડાસા પ્રાંત અધિકારીને સોંપાઈ

# બોરવાઈ ગામના દસ્તાવેજ પ્રકરણને ભ્રષ્ટાચારના કબ્રસ્તાનમાં દફનાવી દેવાયું

## બોગસ દસ્તાવેજ પ્રકરણમાં ધનસુરાની કચેરી કેન્દ્રબિંદુ જે તે સમયે ફરજ બજાવતા મહેસુલ ખાતાના અધિકારીઓ સુધી તટસ્થ તપાસ થશે ખરી ? : વડાગામ નજીક બોરવાઈ પ્રકરણમાં ફરિયાદીની ફરિયાદ ઠુકરાવી દેનાર ધનસુરાનું પોલીસતંત્ર પણ તપાસના દાયરામાં આવશે

મોડાસા, તા. ૧૫

ધનસુરા મામલતદાર કચેરી અને તેની કાર્ય પ્રણાલી હાલ સમગ્ર વિસ્તારમાં ચર્ચાની એરણ પર છે. જેમાં વડાગામ ખાતે એમ.કે. સ્ટોનની બોગસ જમીન દસ્તાવેજ પ્રકરણ અને બોરવાઈ ગામની જમીન વેચાણ દસ્તાવેજમાં થયેલ ગેરરીતીઓ સામે અનેક ફરિયાદો અને રજુઆતો થયેલ હોવા છતાં મહેસુલતંત્ર અને સ્થાનિક પોલીસ ક્ષેત્રે લોલમલોલ ચલાયુ હતુ પરંતુ ફરિયાદીઓની ફરિયાદને ધ્યાનમાં લઈ લોકલ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ તપાસ આરંભી દીધી છે. બીજી તરફ મહેસુલ વિભાગને પણ ફરિયાદમાં તથ્ય લાગતાં સમગ્ર તપાસ મોડાસા પ્રાંત અધિકારીને સોંપી દેતાં સંડોવાયેલા મહેસુલ ખાતાના કેટલાક અધિકારીઓના પગ તળે રેલો આવવાની સંભાવના છે.

વડાગામ એમ.કે. સ્ટોનની જમીનના દસ્તાવેજ પ્રકરણમાં તો ૧૭ જેટલા ઈસમો સામે તપાસ શરૂ થઈ છે. પરંતુ વડાગામની નજીક જ આવેલ બોરવાઈ ગામના ગરીબ ખેડૂતની જમીન ધનસુરાના એક કારખાનેદારે પાણીના ભાવે પડાવી લીધી હતી અને મૃતક વ્યક્તિને હયાત બતાવી દસ્તાવેજ કરેલ જેમાં મહેસુલ વિભાગ અને પોલીસ વિભાગમાં જે તે સમયે ફરિયાદ થતાં બીજો દસ્તાવેજ કરી જમીન વેચાણની નોંધ પાડી દેવામાં આવી હતી. જેમાં મહેસુલ ખાતાના એક કર્મચારીએ મધ્યસ્થી એટલે કે દલાલની ભૂમિકા ભજવી હતી. જે બાબતનું લખાણ પણ હયાત છે. હવે આ કર્મચારી બઢતી મેળવી જિલ્લા મથકે ફરજ પર આવી જતાં કૌભાંડકારો મુછ પર હાથ રાખી કહે છે કે તેમનો વાળ પણ વાંકો થઈ શકે તેમ નથી. જો કે મહેસુલ વિભાગ હોવા છતાં ભ્રષ્ટ રાજકીય નેતાઓના શરણે હોવાથી તે પોતાની જાતને સલામત અનુભવી રહ્યો હતો. પરંતુ એમ.કે. સ્ટોનની દસ્તાવેજ પ્રકરણની તપાસ પોતાની પોલ ખોલી નાખશે તે ડરથી તેની રાત્રીની ઊંઘ હરામ થઈ ગઈ હોવાનું જણાય છે.

બીજી એક નોંધનીય બાબત એ છે કે એમ.કે. સ્ટોન વડાગામ પ્રકરણમાં સ્થાનિક પોલીસે ફરિયાદ નોંધી અને તટસ્થ તપાસ શરૂ કરેલ છે. જ્યારે બોરવાઈ જમીન પ્રકરણમાં જે તે સમયે ફરજ બજાવતા ધનસુરા પો. સ્ટેશનના પોલીસ કર્મીઓએ ફરિયાદને ટલ્લે ચડાવી દઈ કૌભાંડી દ્વારા છુટી મુકાયેલ નાણાં કોથળીના શરણે ચાલ્યા ગયા હતા. પરીણામે સીટનો આદેશ હોવા છતાં તપાસના નામે કોથળામાંથી બિલાડી કાઢવાનો ખેલ ભજવ્યો હતો અને સમગ્ર પ્રકરણને દબાવી દેવામાં મોટી રકમની લેવડ દેવડ થઈ હોવાની શંકા નકારી શકાય તેમ નથી. તાજેતરમાં આ બોરવાઈ પ્રકરણમાં સંડોવાયેલા શખ્સ સામે વેચાણવેરા વિભાગ અને આયકર વિભાગમાં પણ રજુઆત થયેલ છે. જેથી જો બે હિસાબી નાણાની તપાસ થશે તો સાથે સાથે તે તપાસમાં નિષ્ક્રીયતા દાખવનાર મહેસૂલ ખાતાના અને જે તે સમયે ફરજ બજાવતા પોલીસ કર્મીઓ પણ તપાસના સકંજામાં આવી શકે છે. આ અંગે મુખ્યમંત્રીશ્રીની મોડાસાની મુલાકાત સમયે રૂબરૂ રજુઆત થનાર હોવાનું જાણવા મળી રહ્યું છે.

# ડીસાના વિઠોદર ગામે પરિણિતાએ ગળે ફાંસો ખાઈ કરી આત્મહત્યા

ડીસા, તા. ૧૫

ડીસા તાલુકાના વિઠોદર ગામે રહેતી એક પરણીતાએ માંદગીથી કંટાળી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરતા ચકચાર મચેલ છે. આ મામલે ડીસા તાલુકા પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

બનાસકાંઠા જીલ્લાના ડીસા તાલુકાનાં વિઠોદર ગામે રહેતા ઉત્તમભાઈ લવજીભાઈ વણકરની પત્ની બબીબેન ઉત્તમભાઈ વણકર ઉમર -૨૦ વર્ષ છેલા ઘણા સમયથી બીમાર રહેતી હતી. જેથી બીમારીના ઉલાજની જગ્યાએ તેમને જીવન ટુંકાવવાનું નક્કી કર્યુ હતુ અને ગત મોડી રાત્રે તેમને પોતાની સાસરીમાં ઘર બંધ કરી. ઘરના મોભ સાથે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી જીવન ટુંકાવ્યું હતું. આ ઘટનાની જાણ મૃતકના પતિ ઉત્તમભાઈને થતા તેમને પોતાના સાસરી પક્ષ અને પોલીસને આ ઘટનાની જાણ કરતા તમામ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જે બાદ ડીસા વિભાગીય પોલીસ વડા એચ.આર. દેસાઈએ સદર કેશમાં ડીસા તાલુકા પોલીસ મથકે પીડિત પરિવારની ફરિયાદ નોધાવી તપાસ હાથ ધરેલ છે. આ ઘટના બાબતે મૃતકનાં જેઠ છગનભાઈ વણકર દ્વારા બનાવ અંગે કેફિયત રજુ કરાઈ જણાવાયું હતું કે મૃત મહિલા બીમાર રહેતી હતી અને આવાજ કોઈ બીમારીના કારણોસર તેને આત્મહત્યા કરી હોવી જોઈએ તેવું અમારું માનવું છે આ મામલે વધુ તપાસ ડી.વાય. એસ. પી. એચ. આર. દેસાઈ ચાલાવી રહ્યા છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol | EXIDE INDUSTRIES LIMITED | BRIDGESTONE PASSION for EXCELLENCE | JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦